सत्यमेव जयते

કેસ દાખલ તારીખઃ૧૮/૦૬/૨૦૨૧
રજી.થયા તારીખઃ૧૮/૦૬/૨૦૨૧
ફેસલ કર્યા તારીખઃ૦૮/૦૭/૨૦૨૬
સમય ગાળોઃવર્ષ.... માસ..... દિવસ...

અમદાવાદ શહેરના મહે.૦૪[થા], એડી.ચીફ.જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૯, મુ.અમદાવાદ શહેર

ક્રિ.કે.નંબરઃ૬૫૮૧૮/૨૦૨૧
આંકઃ______

ફરીયાદીઃ– શ્રીસરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– **<u>નં.૧.</u>** હમીરભાઈ નાથુભાઈ પરમાર
**નં.૨.** પ્રવિણભાઈ નાથુભાઈ પરમાર
બંને રહેવાસીઃમાનવ સાધના ટ્રસ્ટની બાજુમાં, ગોરાકુંભારની ચાલી, રામાપીરનો ટેકરો, નવાવાડજ, અમદાવાદ શહેર

**નં.૩.** મનોજભાઈ ભરતભાઈ મકવાણા

**નં.૪.** નરેશભાઈ રામજીભાઈ પરમાર
બંને રહેવાસીઃજય ચામુંડાની ચાલી, રામાપીરનો ટેકરો, નવાવાડજ, અમદાવાદ શહેર

**નં.૫.** જયેશભાઈ નાનજીભાઈ મકવાણા
રહેવાસીઃગોરાકુંભારની ચાલી, રામાપીરનો ટેકરો,
નવાવાડજ, અમદાવાદ શહેર

---

ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.પી.ગોસ્વામી
આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.આર.ગુપ્તા

---

ગુનોઃ ઈ.પી.કો.કલમઃ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨),
૧૪૩,૧૪૭,૧૧૪ તથા જી.પી.એકટની કલમઃ૧૩૫(૧) મુજબ

---

# - ચુ  કા  દો -

---

૧. ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓ રામાપીરના ટેકરા ઉપર રી-ડેવલોપમેન્ટનુ કામકાજ ચાલતુ હોય જેમાં સિક્યુરીટીના માણસોને સાથે રાખી પતરા લગાવવાનુ તેમજ માપણનુ કામકાજ ચાલુ હતુ જે કામ ફરિયાદી તથા સાહેદોએ કામ બંધ કરાવી દિધેલ જેથી હાલના આરોપીઓ મધ્યસ્થી બની કામકાજ ચાલુ કરાવવા તજવીજ કરતા હતા તે દરમ્યાન ફરિયાદી તથા ફરિયાદીના પિતાશ્રીએ આરોપીઓને ગાળો બોલી તેમની પાસેના હથિયારો વડે હુમલો કરી દેતા, આરોપી સ્વબચાવ સારૂ પોતાની પાસેનો છરો કાઢી, ફરિયાદીના કપાળના ભાગે મારી દઈ ઈજા પહોચાડી, બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ હોવા બાબતની ફરિયાદ, ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ નોંધાવતા ફરિયાદનાં

આધારે તપાસનીસ અધિકારીશ્રીએ કાયદેસરની તપાસ કરતા તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લિધેલા તેમજ જરૂરી પંચનામા કરેલ તપાસનાં અંતે આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં, આરોપીઓ અત્રેની અદાલતમાં તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આરોપીઓ સામે આંકઃ૦૪ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે જ્યારે આંકઃ૦૫ થી ૦૯ સુધી આરોપીની ગુના સબબે પ્લી નોધવામા આવેલ છે તેમાં તેઓને તહોમતનામાની હકિકતો વાંચી સંભળાવી સમજાવવામા આવતા તેમાં લખેલ હકિકત બાબતેનો ગુનો કબુલ નહિ હોવાનુ જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી રાજેશભાઈ હરખાભાઈ વાઘેલાની જુબાની | ૧૦ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરિયાદ | ૧૧ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૩ | આરોપીઓની શરીર સ્થિતીનુ પંચનામુ | ૧૩ |
| ૪ | ઈન્જરી સર્ટિફિકેટ | ૧૪ |

૪. ફરિયાદપક્ષે આંકઃ૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. આમ, જ્યારે આ કામે મુખ્ય સાહેદ તપાસાઈ ગયેલ છે અને પુરાવા અધિનિયની કલમઃ૧૩૪ મુજબ કોઈ હકિકતની સાબિતી માટે સાક્ષીઓની અમુક જ સંખ્યા કોઈ કેસમાં આવશ્યક ગણાશે નહી. ફરિયાદપક્ષે પુરાવા બંધની પુરસીસ રજુ થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામા આવેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ આ કામના આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના આક્ષેપોની હકિકતોનો ઈન્કાર કરેલ છે ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

૫. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા

ઉપસ્થિત થાય છે.

## – મુદ્દા –

૧. શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ રામાપીરના ટેકરા ઉપર રી–ડેવલોપમેન્ટનુ કામકાજ ચાલતુ હોય જેમાં સિક્યુરીટીના માણસોને સાથે રાખી પતરા લગાવવાનુ તેમજ માપણનુ કામકાજ ચાલુ હતુ જે કામ ફરિયાદી તથા સાહેદોએ કામ બંધ કરાવી દિધેલ જેથી હાલના આરોપીઓ મધ્યસ્થી બની કામકાજ ચાલુ કરાવવા તજવીજ કરતા હતા તે દરમ્યાન ફરિયાદી તથા ફરિયાદીના પિતાશ્રીએ આરોપીઓને ગાળો બોલી તેમની પાસેના હથિયારો વડે હુમલો કરી દેતા, આરોપી સ્વબચાવ સારૂ પોતાની પાસેનો છરો કાઢી, ફરિયાદીના કપાળના ભાગે મારી દઈ ઈજા પહોચાડી, બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ઈ.પી.કો.કલમઃ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૧૪ તથા જી.પી.એકટની કલમઃ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૬. ઊપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## – ન્યાય નિર્ણય માટેનાં કારણો –

## મુદ્દા નંબરઃ–૧.

ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૧૪ તથા જી.પી.એકટની કલમઃ૧૩૫(૧) મુજબનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરિયાદપક્ષનાં શીરે રહેલો હોય છે તેમજ ફરિયાદપક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

૭. ફરિયાદપક્ષ તરફથી તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંકઃ૧૦ થી ફરિયાદી રાજેશભાઈ હરખાભાઈ વાઘેલાને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, બનાવ ૨૦૨૧ માં બનેલો. બનાવના દિવસે દુકાને હાજર હતો તે વખતે આરોપીઓ જે.સી.બી.લઈને મારી દુકાન આગળ આવેલા અને દુકાન આગળ આવેલ ઝાડ કાપતા હતા અને તે ઝાડ કાપવાની ના પાડતા બોલાચાલી

થયેલી જેમાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને તેમાં મને માથામાં કપાળમાં ડાબા ભાગે ઈજા થયેલી જે બાબતેની ફરિયાદ આપેલી જે ફરિયાદ બતાવવામાં આવતા ફરિયાદમાં ફરિયાદી પોતાની સહી ઓળખી બતાવતા ફરિયાદ આંક:૧૧ થી રજુ થયેલ છે. આરોપીઓ હાજર છે તેઓને ઓળખે છે. ફરિયાદી પોતાની ફરિયાદ હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓએ વિગતવારની ઉલટતપાસ કરેલ છે તે દરમ્યાન પણ ફરિયાદી પોતાની ફરિયાદ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

ફરિયાદીની આરોપીઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામા આવેલ છે તેમાં ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ઝાડ કાપવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલ નહી. જે તે વખતે આવેશમાં આવીને ફરિયાદ આપેલી.

૮. ફરિયાદપક્ષે બનાવવાળી જગ્યાનુ પંચનામુ તથા આરોપીઓની શરીરસ્થિતીનુ પંચનામુ તથા ઈન્જરી સર્ટિફિકેટની ઝેરોક્ષ નકલ રજુ રાખવામાં આવતા સદર દસ્તાવેજી પુરાવાઓને આરોપીઓ પક્ષે આંક આપવા સામે વાંધો ન હોય જેવો શેરો કરેલ હોય સદર દસ્તાવેજી પુરાવાઓ અનુક્રમે આંક:૧૨ થી ૧૪ સુધી રજુ રાખવામા આવેલ છે.

૯. ફરિયાદપક્ષે રજૂ થયેલા પુરાવાની ચર્ચા કરીએ તો ફરિયાદપક્ષ દ્વારા એક માત્ર સાહેદ એવા ફરિયાદી રાજેશભાઈ હરખાભાઈ વાઘેલા કે જેઓ બનાવમાં ઈજા પામનાર સાહેદ છે તેઓને આંક:૧૦ થી તપાસવામા આવેલા છે તેઓની સરતપાસની હકિકત ધ્યાને લેવામા આવે તો  બનાવ ૨૦૨૧ માં બનેલો જે બનાવ વખતે તેઓ તેમની દુકાને હાજર હતા અને દુકાન આગળ આવેલ ઝાડ આરોપીઓ કાપતા હોય જે ઝાડ ન કાપવાનુ ફરિયાદી જણાવતા તે બાબતે બોલાચાલી થયેલી અને તે વખતે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને બનાવમાં ફરિયાદીને માથાના કપાળમાં ડાબા ભાગે ઈજા થયેલ હોવાનુ જણાવે છે અને તે બાબતે ફરિયાદપક્ષ દ્વારા આંક:૧૪ થી ઈન્જરી સર્ટિફિકેટ રજુ રાખેલ છે. પરંતુ તે ઈજાઓ હાલના આરોપીઓએ જ પહોચાડેલ હોવા બાબતેનો ફરિયાદીએ સ્પષ્ટ પુરાવો આપેલ નથી. ફરિયાદી પોતાની આંક:૧૧ વાળી ફરિયાદ હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય જેથી ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપકારી થતો નથી. વધુમાં જોવામાં આવે તો ફરિયાદી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓએ વિગતવારની ઉલટતપાસ કરેલ હોવાછતાં પણ ફરિયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જ્યારે ફરિયાદીની બચાવપક્ષે કરવામાં

આવેલ ઉલટતપાસની હકિકત ધ્યાને લેવામા આવે તો ઝાડ કાપવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવે છે તે સિવાય બીજુ કઈ બનેલ ન હોવાનુ કબુલ રાખે છે. આમ, ફરિયાદી કે જેઓ સદર ગુનાના કામે ઈજા પામનાર સાહેદ છે અને તેઓ જ પોતાની ફરિયાદ હકિકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય તેવા સંજોગોમાં આંકઃ૧૪ થી રજુ થયેલ મેડીકલ સર્ટિફિકેટમાં જણાવેલી ઈજાઓ આ કામના આરોપીઓએ પહોચાડેલ હોવાનુ સ્પષ્ટ થતુ ન હોય તેવા સંજોગોમાં રજુ થયેલ મેડીકલ સર્ટિફિકેટ ફરિયાદપક્ષને મદદરૂપકારી થતુ નથી. આમ, ફરિયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા ફરિયાદી કે જેઓ બનાવમાં ઈજા પામનાર સાહેદ છે તેઓના પુરાવાથી ફરિયાદની હકિકતો પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ દ્વારા સોગંદ ઉપર નહી તપાસેલ સાહેદોને પણ જો સોગંદ પર તપાસવામા આવેલ હોત તો પણ આ કેસના ગુણદોષ પર આવનાર પરિણામ પર કોઈ વિપરીત અસર થાય તેમ નથી. આમ, ફરિયાદપક્ષ તેમનો કેસ આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપીત ગુના અંગેની હકિકતો પુરવાર કરવામાં નિશંકપણે સફળ નિવડેલ ન હોય જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબરઃ૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ

ફરમાવવામાં આવે છે.

## – હુ ક મ –

૧. આ કામનાં આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમઃ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૧૪ તથા જી.પી.એકટની કલમઃ ૧૩૫(૧) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

૨. આરોપીઓએ કરી આપેલ જાત મુચરકા અને જામીનદારોએ કરી આપેલ જામીનખત રદ્દ કરવામા આવતા નથી પરંતુ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતનાં છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત ચાલુ રાખવામા આવે છે.

૩. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ હથિયાર છરો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ૦૮મી, માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ શહેર (હિતેષ જયંતિલાલ તન્ના)
૦૪થા,એડી.ચીફ.જ્યુડિશીયલમેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૯,અમદાવાદ શહેર
આર.કે.સોનારા. જજ કોડ નંબર જીજે.૦૦૯૫૫.